સીસી નંબરઃ૨૫૨૯/૨૦૨૪

–::આંક–૧ નીચે હુકમ::–

આરોપ : –મોટર વ્હીકલ એકટની કલમ ૨૦૬, ૨૦૧ મુજબ

(૧) આ કામના આરોપીઓ સામે ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે, આરોપી સામે ધોળકા પો.સ્ટે.માં મોટર વ્હીકલ એકટની કલમ ૨૦૬, ૨૦૧ મુજબનો ગુનો નોંધાવતા,આરોપીઓ વિરુધ્ધ ગુન્હો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળા આવતા આ કામે એન.સી રજુ કરવામાં આવે છે.
(૨) આરોપી આજ રોજ તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવેલી છે અને આરોપી ની પ્લી નોંધવામાં આવેલ છે. અને આરોપી ગુનો કબુલાત કરવા માંગતા હોવાની ગુન્હા કબૂલાત પુરશીશ આપી તેની સામેનો ગુન્હો કબૂલ કરવા રજુઆત કરેલ છે.કબુલાત પુરસીસ વંચાણે લેતા, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતા, આરોપીઓ ગરીબ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં માત્ર એક જ કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા ઈસ્મ હોવાનુ જણાઈ આવે છે. અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. તેમજ તેનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે. અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન– મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે.તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનુ છું. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્ર પણે માનુ છુ.અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

–::હુકમ::–

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ મુજબ મોટર વ્હીકલ એકટની કલમ ૨૦૬, ૨૦૧ મુજબના ગુના માટે આરોપીને રૂા– ૪૦/–(અંકે રૂપિયા ચાલીસ પુરા) ભરવાનો સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તે બદલ દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી નેશનલ લોક અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ:– ૨૨/૦૬/૨૦૨૪ (એન.બી.મુનશી)
સ્થળ: ધોળકા. એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ,ધોળકા.